મૂવી થિયેટર ગ્રાન્ટ પ્રોગ્રામ

પ્રોગ્રામની ઝાંખી

05/18/23ના રોજ અપડેટ કર્યું

કોમનવેલ્થ ઓફ મેસેચ્યુસેટ્સ

# મૂવી થિયેટર ગ્રાન્ટ પ્રોગ્રામ

MASSACHUSETTS GROWTH CAPITAL CORPORATION
EMPOWERINGSMALLBUSINESS.ORG

**પ્રોગ્રામની ઝાંખી**

કોમનવેલ્થ ઓફ મેસેચ્યુસેટ્સે કોવિડ-19 રોગચાળાથી નકારાત્મક અસર પામેલા કોમનવેલ્થમાં મૂવી થિયેટરોને ટેકો આપવા માટે $3,000,000 ઉપલબ્ધ કરાવ્યા છે. આ પ્રોગ્રામ કોમનવેલ્થમાં એવા મૂવી થિયેટરોને લક્ષ્યાંકિત કરે છે કે: (a) જેમનું કેલેન્ડર વર્ષ 2019 માં બોક્સ ઓફિસ ટિકિટનું વેચાણ $15,000 કરતાં ઓછું નહોતું, (b) જેમને કેલેન્ડર વર્ષ 2019 અને ત્યારપછીના વર્ષો અથવા ભાગો વચ્ચે બોક્સ ઓફિસ વેચાણમાં 40 ટકા કે તેથી વધુ ઘટાડો થયો છે: (c) જે ભૌતિક રીતે કોમનવેલ્થમાં સ્થિત હોય; અને (d) જેમની પાસે અરજી સમયે મહેસૂલ વિભાગ પાસે રેકોર્ડ પર કોઈ વર્તમાન કર ધારણાધિકાર નથી.

4 અથવા તેનાથી ઓછી સ્ક્રીન ધરાવતા અને મેસેચ્યુસેટ્સમાં મુખ્યમથક ધરાવતા અરજદારોને પ્રાથમિકતા આપવામાં આવશે.

પાત્ર અરજદારોને ચોક્કસ સ્થાન પર પ્રથમ 2 સ્ક્રીનમાંથી પ્રત્યેક સ્ક્રીન દીઠ $15,000 અને ચોક્કસ સ્થાન પર દરેક વધારાની સ્ક્રીન દીઠ $10,000 પ્રાપ્ત થશે.

આ પ્રોજેક્ટને યુ.એસ. ટ્રેઝરી વિભાગ દ્વારા કોમનવેલ્થ ઓફ મેસેચ્યુસેટ્સને આપવામાં આવેલ ફેડરલ એવોર્ડ નંબર SLFRP1025 દ્વારા સમર્થન આપવામાં આવી રહ્યું છે. આ ભંડોળ કોમનવેલ્થના FY2023 આર્થિક વિકાસ વિધેયક દ્વારા ફાળવવામાં આવ્યા હતા.

વ્યવસાય અને/અથવા વ્યવસાય માલિક આ ગ્રાન્ટ પ્રોગ્રામ માટે અપાત્ર રહેશે જો તેમણે 2022 અથવા 2023માં MGCC તરફથી ગ્રાન્ટ પ્રાપ્ત કરી હોય, Biz-M પાવર અથવા એમ્પાવર ડિજિટલ તરફથી આપવામાં આવેલી ગ્રાન્ટના અપવાદ સિવાય, જેમાં શામેલ છે:

- નવા અરજદારનો ગ્રાન્ટ પ્રોગ્રામ
- સમાવેશી ગ્રાન્ટ પ્રોગ્રામ
- 2023 સમાવિષ્ટ ભંડોળ તક

વ્યવસાય અને/અથવા વ્યવસાય માલિક 2023 માં મૂવી થિયેટર ગ્રાન્ટ પ્રોગ્રામ અથવા અનુગામી MGCC ના ગ્રાન્ટ પ્રોગ્રામોમાંથી કુલ માત્ર એક ગ્રાન્ટ મેળવવા માટે પાત્ર છે.

**પાત્ર અરજદારો**

મૂવી થિયેટર ગ્રાન્ટ પ્રાપ્ત કરવા માટે લાયક વ્યવસાયોએ નીચેની બધી લાયકાતોને પૂર્ણ કરવી આવશ્યક છે:

- મેસેચ્યુસેટ્સમાં એક ઓપરેટિંગ મૂવી થિયેટર
- 500 થી વધુ કર્મચારીઓ ન હોય
- વ્યવસાય માલિકો પાસે માન્ય સામાજિક સુરક્ષા નંબર હોવો આવશ્યક છે
- 2019 માટેની આવક 2019 ફેડરલ બિઝનેસ ટેક્સ રિટર્નના આધારે $15,000 અને $47,000,000 ની વચ્ચે હોવી જોઈએ
  - લાઇન 1, IRS ફોર્મ 1040 શેડ્યૂલ C

- લાઇન 1c, IRS ફોર્મ 1120-C
- લાઇન 1c, IRS ફોર્મ 1120-S
- લાઇન 1c, IRS ફોર્મ 1120
- લાઇન 1c, IRS ફોર્મ 1065

- કેલેન્ડર વર્ષ 2019 અને ત્યારપછીના વર્ષો વચ્ચે આવકમાં ઓછામાં ઓછો 40% ઘટાડો થયો હોવો જોઈએ
- હાલમાં કામગીરીમાં હોવા આવશ્યક છે
- વ્યવસાયની સ્થાપના 09/30/2019 પહેલાં કરવામાં આવી હોવી જોઈએ અને ત્યારથી કામગીરીમાં હોવો જોઈએ
- વ્યવસાય ફેડરલ ,રાજ્ય અને શહેર/નગર સાથે સારી સ્થિતિમાં હોવો આવશ્યક છે:
  (1) અરજી સમયે મહેસૂલ વિભાગ પાસે રેકોર્ડ પર કોઈ વર્તમાન કર ધારણાધિકાર ન હોય; અને
  (2) તમામ કરવેરા પર વર્તમાનમાં હોવા જોઈએ; અને
  (3) સક્રિય અને માન્ય રાજ્ય લાઇસન્સ/નોંધણી હોવી જોઈએ, જો લાગુ હોય

જ્યારે ઉપરોક્ત માપદંડોને પૂર્ણ કરતા તમામ વ્યવસાયો લાયક છે, ત્યારે નીચેની શરતો અનુરૂપ બંધબેસતા વ્યવસાયોને અગ્રતા આપવામાં આવશે:

1. મેસેચ્યુસેટ્સમાં મુખ્ય મથક હોય
2. ચાર અથવા ઓછી સ્ક્રીનો હોય
3. નફાકારક થિયેટરો

**અપાત્ર વ્યવસાયો**

- જે વ્યવસાયોને જાહેર આરોગ્ય કટોકટીથી નકારાત્મક આર્થિક અસરનો અનુભવ થયો નથી
- આ સમાન ગ્રાન્ટ માટે અરજી કરતા વ્યવસાય માલિક અન્ય કોઈપણ વ્યવસાયમાં માલિકીનું વ્યાજ )ટકાવારી) ધરાવી શકતા નથી
- 18 વર્ષથી ઓછી ઉંમરના વ્યક્તિઓની માલિકીના વ્યવસાયો
- વિદેશી વ્યક્તિઓ (બિન-કાયમી નિવાસી) દ્વારા સંપૂર્ણ રીતે અથવા આંશિક માલિકીમાં રહેલા વ્યવસાયો
- 3 થી વધુ સ્થાનો ધરાવતી મેસેચ્યુસેટ્સ આધારિત ફ્રેન્ચાઇઝીઓ
- મુખ્યત્વે રાજકીય અથવા લોબિંગ પ્રવૃત્તિઓમાં રોકાયેલા વ્યવસાયો
- રિયલ એસ્ટેટ ભાડા/વેચાણના વ્યવસાયો
- કેનાબિસ )ગાંજા) સંબંધિત વ્યવસાયો
- ચર્ચો અથવા ધાર્મિક સંસ્થાઓ
- સભ્ય-સેવાઓ સંસ્થાઓ (સોશિયલ ક્લબ)
- સરકારી માલિકીની સંસ્થાઓ અથવા ચૂંટાયેલ સત્તાવાર કચેરીઓ
- કોઈપણ વ્યવસાય માલિક અથવા વ્યવસાય કે જે જારી કરાયેલ ફેડરલ ડિબાર્મેન્ટ (નિષેધ) સૂચિમાં હોય
- વ્યવસાય કે જેને 2022 અથવા 2023માં MGCC તરફથી ગ્રાન્ટ પ્રાપ્ત થઈ હોય, Biz-M-Power અને એમ્પાવર ડિજિટલ તરફથી મળેલી ગ્રાન્ટના અપવાદ સિવાય
- વ્યક્તિઓ દ્વારા માલિકીનો અથવા નિયંત્રિત વ્યવસાય અથવા વ્યવસાય કે જે એવી વ્યક્તિઓ (અધિકારીઓ, નિર્દેશકો, કર્મચારીઓ, એજન્ટો અથવા પેટા કોન્ટ્રાક્ટરો સહિત) સાથે કામ કરે છે અથવા કરાર કરે છે કે જેઓ આરોપ, ચુકાદા, દોષસિદ્ધિ

અથવા પ્રતિરક્ષાના અનુદાનને આધીન છે, જેમાં બાકી કાર્યવાહીઓ, કોઈપણ વ્યવસાય અથવા નાણાકીય-સંબંધિત વર્તણૂક માટે કે જે રાજ્ય અથવા સંઘીય કાયદા હેઠળ ગુનો બને છે, જેમાં શામેલ છે, પરંતુ ત્યાં સુધી મર્યાદિત નથી: ઉચાપત, વાયર છેતરપિંડી, નાણાંની અવૈદ્ય હેરાફેરી અને/અથવા અન્ય કોઈપણ કોવિડ 19 રાહત છેતરપિંડી

- એવો વ્યવસાય કે જે કોઈપણ જાહેર કાર્ય કાયદા અથવા નિયમન, અથવા શ્રમ કાયદો અથવા નિયમન અથવા કોઈપણ OSHA ઉલ્લંઘનના કોઈપણ સરકારી નિર્ધારણનો વિષય રહ્યો હોય

**ભંડોળની રકમ**

મહત્તમ ગ્રાન્ટની રકમ પ્રાપ્ત થયેલ એપ્લિકેશન પૂલ પર આધારિત હશે, નીચેના માપદંડો સાથે:

- ચોક્કસ સ્થાન પર પ્રથમ બે સ્ક્રીનમાંથી દરેક માટે $15,000
- ચોક્કસ સ્થાન પર દરેક વધારાની સ્ક્રીન માટે $10,000

**ભંડોળનો મંજૂર ઉપયોગ**

- કર્મચારી પગારપત્રક અને લાભના ખર્ચ
- કર્મચારીઓને જાળવી રાખવા માટેના ખર્ચ
- વ્યવસાય ગીરો અથવા ભાડું
- ઉપયોગિતાઓ
- 3 માર્ચ, 2021 પછી લાગતા અન્ય ઋણ જવાબદારીઓ પરનું વ્યાજ
- કોવિડ-19 ના પરિણામે સંચાલન ખર્ચ અને વાયરસના ફેલાવાને રોકવા માટે લેવામાં આવેલા પગલાં
- સુરક્ષિત ઓપરેટિંગ પ્રક્રિયાઓ અપનાવવા સાથે સંકળાયેલ ખર્ચ
- કોવિડ-19 નિવારણ અથવા શમન યુક્તિઓ અમલમાં મૂકવા માટેનો ખર્ચ, એટલે કે સામાજિક અંતર, ઉન્નત સફાઈ પ્રયત્નો, અવરોધો અથવા પાર્ટીશનોને સક્ષમ કરવા માટે ભૌતિક પ્લાન્ટમાં ફેરફાર
- કોવિડ-19 શમન માટે આઉટડોર જગ્યાઓ સુધારવાનો ખર્ચ (દા. ત., રેસ્ટોરન્ટ પેશિયો)

  - વ્યવસાય આ અરજીના જવાબમાં આપવામાં આવેલ ભંડોળને MGCC ના કોવિડ-19 રાહત ગ્રાન્ટ પ્રોગ્રામ્સ, SBA પે-ચેક પ્રોટેક્શન પ્રોગ્રામ (PPP), SBA ઇકોનોમિક ઇન્જરી ડિઝાસ્ટર લોન (EIDL), રેસ્ટોરન્ટ રિવાઇટલાઇઝેશન ફંડ, બેરોજગાર વળતર લાભો, વીમા દાવા/આવકો, ફેડરલ ઇમરજન્સી મેનેજમેન્ટ એજન્સી (FEMA) ફંડ્સ, સ્મોલ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન ફંડ્સ, અન્ય ફેડરલ/રાજ્ય/સ્થાનિક ભંડોળ, અન્ય બિન-લાભકારી /ખાનગી ક્ષેત્ર/સખાવતી ભંડોળ સહિતના, પરંતુ તે પૂરતું મર્યાદિત નહીં, ફેડરલ અથવા રાજ્ય ભંડોળના અન્ય કોઈપણ સ્ત્રોત દ્વારા આવરી લેવામાં આવ્યા હોય અથવા આવરી લેવામાં આવશે તેવા કોઈપણ ખર્ચ પર લાગુ કરશે નહીં.

- વ્યવસાય એ દર્શાવવા માટે પૂરતા દસ્તાવેજો એકત્રિત કરશે અને જાળવી રાખશે કે આ અરજીમાં દર્શાવેલ ખર્ચ પાત્રતા મર્યાદામાં કરવામાં આવ્યા હતા અને સમાવેશી ગ્રાન્ટ પ્રોગ્રામ માટે સ્થાપિત કરવામાં આવ્યા હતા. દસ્તાવેજીકરણમાં રસીદો, ઇન્વૉઇસ, ખરીદી ઓર્ડર, કરાર, સમકાલીન મેમોરેન્ડમ, અથવા અન્ય સંબંધિત સામગ્રીનો સમાવેશ થાય છે, પરંતુ તે પૂરતું મર્યાદિત નથી. આ સામગ્રી સરળતાથી સુલભ અને શોધી શકાય તેવા ફોર્મેટમાં, વ્યવસાય નિયંત્રણમાં અને દસ્તાવેજ જાળવણીની શ્રેષ્ઠ પ્રથાના પાલનમાં સંગ્રહિત હોવી આવશ્યક છે. આ દસ્તાવેજો આ જવાબદારીઓ અને ખર્ચના આંતરિક અને બાહ્ય ઓડિટને સમર્થન આપવા માટે લાગુ ફેડરલ, રાજ્ય અને મ્યુનિસિપલ કાયદાના પાલનમાં જાળવવામાં આવશે. સમાવેશી ગ્રાન્ટ પ્રોગ્રામના મુખ્ય પ્રાપ્તકર્તા તરીકે, કોમનવેલ્થ, ભવિષ્યની તારીખે આ દસ્તાવેજો અથવા અન્ય ઓડિટ પુરાવાની વિનંતી કરવાનો અધિકાર અનામત રાખે છે.

- ગ્રાન્ટર )અનુદાનકર્તા), ગ્રાન્ટર દ્વારા સૂચવવામાં આવેલા ફોર્મમાં થયેલા ખર્ચ અને/અથવા પરિણામો અંગે જાણ કરવા માટે વ્યવસાયને જરૂરી અધિકાર અનામત રાખે છે.

**ભંડોળનો બિન-મંજૂર ઉપયોગ**

- વાસ્તવિક મિલકતની ખરીદી
- બાંધકામ પ્રવૃત્તિઓ
- લોબિઇંગ
- કોઈપણ પેન્શન ફંડમાં ભંડોળ જમા કરવું -સેક્શન. 602 (c)(2(B) અને 603 (c)(2)
- વરસાદી દિવસ ભંડોળ ,નાણાકીય અનામત, અથવા સમાન ભંડોળ
- 3 માર્ચ, 2021 પહેલા કરેલ દેવું
- કોઈ ન્યાયિક, વહીવટી અથવા નિયમનકારી કાર્યવાહીમાં સમાધાન કરાર, ચુકાદા, સંમતિ હુકમનામું અથવા ન્યાયિક રીતે પુષ્ટિ થયેલ ઋણ પુનર્ગઠન યોજના હેઠળ અથવા તેના અનુસંધાનમાં ઉદ્‌ભવતી કોઈપણ જવાબદારીનો સંતોષ, સિવાય કે તે હદે જેમાં ચુકાદા કે સમાધાનમાં કોવિડ જાહેર આરોગ્ય કટોકટીના પ્રતિભાવમાં સેવાઓની જોગવાઈની જરૂર હોય
- જે વ્યવસાયોને જાહેર આરોગ્ય કટોકટીથી નકારાત્મક આર્થિક અસરનો અનુભવ થયો નથી
- એવા ઉપયોગો કે જે જાહેર આરોગ્ય કટોકટી દ્વારા અનુભવાયેલ નુકસાન સાથે કોઈ સંબંધ ધરાવતા નથી અથવા નુકસાનના પ્રકાર અથવા હદ સામે મોટા પ્રમાણમાં અપ્રમાણસર છે
- વધુમાં, ગ્રાન્ટી (અનુદાન મેળવનાર)એ લાભોનું ડુપ્લિકેશન અટકાવવું આવશ્યક છે, જેનો અર્થ છે કે આ ગ્રાન્ટ ભંડોળનો ઉપયોગ એવા ખર્ચ ચૂકવવા માટે થઈ શકશે નહીં જો નાણાકીય સહાયના અન્ય સ્રોત દ્વારા તે ખર્ચની ચુકવણી કરવામાં આવેલ હોય
- Huawei Technologies Company અથવા ZTE કોર્પોરેશન (અથવા આવી સંસ્થાઓની કોઈપણ પેટાકંપની અથવા આનુષંગિક) અને/અથવા Hytera Communications Corporation, Hangzhou Hikvision Digital Technology Company, અથવા Dahua Technology Company (અથવા આવી સંસ્થાઓની કોઈપણ પેટાકંપની અથવા આનુષંગિક) દ્વારા ઉત્પાદિત પ્રતિબંધિત દૂરસંચાર અને/અથવા વિડિયો સર્વેલન્સ સાધનો

**જરૂરી દસ્તાવેજીકરણ**

***માત્ર તમામ જરૂરી દસ્તાવેજો સહિતની સંપૂર્ણ અરજીઓને જ ધ્યાનમાં લેવામાં આવશે.***

જરૂરી દસ્તાવેજીકરણ:

- **2019, 2020 અને 2021 ફેડરલ બિઝનેસ ટેક્સ રીટર્ન:** IRSને સબમિટ કર્યા મુજબ તમારી ફાઇલ કરેલી ફેડરલ બિઝનેસ ટેક્સ રીટર્નની સંપૂર્ણ નકલ (તમામ શેડ્યુલ). જો તમે શેડ્યૂલ C આવક ફાઇલ કરો છો, તો કૃપા કરીને વ્યવસાય ટેક્સ રીટર્નને બદલે તે દસ્તાવેજને અપલોડ કરો.
    - સોશિયલ સિક્યોરિટી નંબર્સ અને EINનંબર્સ દસ્તાવેજો પર સંપૂર્ણપણે દૃશ્યમાન હોવા આવશ્યક છે
    - કૃપા કરીને આ સલાહ ધ્યાને લો: જો તમે CPA તરફથી ટેક્સ રિટર્ન પ્રાપ્ત કર્યું હોય, તો દસ્તાવેજો પાસવર્ડથી સુરક્ષિત હોઈ શકે છે. સમીક્ષકની ઍક્સેસ માટે દસ્તાવેજ પાસવર્ડ શામેલ કરો. જો તમે દસ્તાવેજ પાસવર્ડ્સ પ્રદાન કરતા નથી, તો તમારી અરજી અપૂર્ણ માનવામાં આવશે

- **2019, 2020 અને 2021 ફેડરલ પર્સનલ ટેક્સ રિટર્ન્સ:** 20% અથવા વધુ માલિકીવાળા દરેક વ્યવસાયના માલિક માટે આઈઆરએસને સબમિટ કર્યા મુજબ તમારી ફાઈલ કરેલી ફેડરલ પર્સનલ ટેક્સ રિટર્ન્સની સંપૂર્ણ કૉપિ (બધા શેડ્યૂલ).
    - જો તમે બિન-લાભકારી હોવ, તો કૃપા કરીને શેડ્યૂલ J સહિત ફોર્મ 990ની સંપૂર્ણ નકલ અપલોડ કરો.
    - જો તમે કાનૂની એન્ટિટીની માલિકી ધરાવતા હોવ, તો કૃપા કરીને તે કાનૂની એન્ટિટી માટે ફેડરલ બિઝનેસ ટેક્સ રિટર્નની સંપૂર્ણ કૉપિ અપલોડ કરો.
    - સોશિયલ સિક્યોરિટી નંબર અને EINનંબર્સ દસ્તાવેજો પર સંપૂર્ણપણે દૃશ્યમાન હોવા આવશ્યક છે
    - કૃપા કરીને આ સલાહ ધ્યાને લો: જો તમે CPA તરફથી ટેક્સ રિટર્ન પ્રાપ્ત કર્યું હોય, તો દસ્તાવેજો પાસવર્ડથી સુરક્ષિત હોઈ શકે છે. સમીક્ષકની ઍક્સેસ માટે દસ્તાવેજ પાસવર્ડ શામેલ કરો. જો તમે દસ્તાવેજ પાસવર્ડ્સ પ્રદાન કરતા નથી, તો તમારી અરજી અપૂર્ણ માનવામાં આવશે

- **IRS W-9 ફોર્મ:** તમારા વ્યવસાય માટે પૂર્ણ કરેલ અને સહી કરેલ IRS W-9ફોર્મ.
    - IRS W-9 ફોર્મ: તમારા વ્યવસાય માટે પૂર્ણ કરેલ અને સહી કરેલ IRS W-9 ફોર્મ. તમારે MGCC માટે નવું W-9 ફોર્મ ભરવું આવશ્યક છે, અહીં ક્લિક કરો: ફોર્મ W-9(irs.gov)
    - બોક્સ 1, 2, 3, 5, 6, W-9 ફોર્મના ભાગ I અને ભાગ II માટે માહિતી પ્રદાન કરવી આવશ્યક છે
    - જો તમારી પાસે એમ્પ્લોયર આઈડેન્ટિફિકેશન નંબર (EIN) હોય, તો W-9 ફોર્મના ભાગ I માં તે પ્રદાન કરો. નહિંતર, તમારો સોશિયલ સિક્યોરિટી નંબર (SSN) પ્રદાન કરો. પ્રદાન કરવામાં આવેલ નંબર તમારા ફેડરલ બિઝનેસ ટેક્સ રીટર્ન, શેડ્યૂલ C, અથવા ફેડરલ પર્સનલ ટેક્સ રીટર્ન સાથે મેળ ખાતો હોવો જોઈએ.

- **સર્ટિફિકેટ ઓફ ગુડ સ્ટેન્ડિંગ -મેસેચ્યુસેટ્સ સેક્રેટરી ઓફ સ્ટેટની ઓફિસ:**

        - જો તમારો વ્યવસાય LLC, ભાગીદારી (સામાન્ય ભાગીદારી સિવાય) કોર્પોરેશન અથવા બિન-લાભકારી હોય તો આવશ્યક છે
    - મેસેચ્યુસેટ્સમાં કાર્યરત અન્ય રાજ્યોમાં સંગઠિત થયેલ બધી સંસ્થાઓ મેસેચ્યુસેટ્સમાં રજિસ્ટર્ડ હોવી જોઈએ અને ગુડ સ્ટેન્ડિંગ (સારી સ્થિતિ)માં હોવી જોઈએ
    - તમારું સર્ટિફિકેટ પાછલા 12 મહિનાની અંદર જારી કરવામાં આવેલું હોવું આવશ્યક છે
    - જો તમારે રાજ્યના સચિવ કાર્યાલયમાંથી સર્ટિફિકેટ ઓફ ગુડ સ્ટેન્ડિંગની વિનંતી કરવાની જરૂર હોય ,તો કૃપા કરીને તે તરત જ કરો કારણ કે તેને પ્રાપ્ત કરવા માટે 2થી વધુ અઠવાડિયા લાગી શકે છે, નીચે ક્લિક કરો. અપલોડ કરેલી રસીદો એપ્લિકેશન પૂર્ણ કરવાની આવશ્યકતાઓને પૂર્ણ કરશે નહીં.
    https://corp.sec.state.ma.us/CorpWeb/Certificates/CertificateOrderForm.aspx

- **બિઝનેસ સર્ટિફિકેટ:** જે શહેર/નગરમાં તમારો વ્યવસાય ચાલે છે તેમાંથી તમારા સમાપ્ત ન થયેલ બિઝનેસ સર્ટિફિકેટની નકલ.
    - જો તમારો વ્યવસાય એકમાત્ર માલિકી અથવા સામાન્ય ભાગીદારી હોય તો આવશ્યક છે
    - જો તમારે વ્યવસાય પ્રમાણપત્રની વિનંતી કરવાની જરૂર હોય ,તો તમારા નગર/શહેર હોલ વેબસાઇટની મુલાકાત લો.

- **મહેસૂલ વિભાગ તરફથી ગુડ સ્ટેન્ડિંગનું પ્રમાણપત્ર:** મહેસૂલ વિભાગ તરફથી જારી કરાયેલ તમારા સમાપ્ત ન થયેલ ગુડ સ્ટેન્ડિંગના પ્રમાણપત્રની નકલ.
        - તમામ વ્યવસાયિક સંસ્થાઓ અને/અથવા વ્યક્તિઓ માટે જરૂરી છે જો વ્યવસાય DBA/શેડ્યૂલ C હોય
        - અન્ય રાજ્યોમાં સંગઠિત તમામ સંસ્થાઓ કે જે મેસેચ્યુસેટ્સમાં કાર્ય કરે છે તે નોંધાયેલ હોવી જોઈએ અને મેસેચ્યુસેટ્સના મહેસૂલ વિભાગ સાથે ગૂડ ટેક્સ સ્ટેન્ડિંગમાં હોવી જોઈએ
        - તમારું પ્રમાણપત્ર આ એપ્લિકેશન સાથે અપડેટ કરવું આવશ્યક છે
        - જો તમારે મહેસૂલ વિભાગ પાસેથી ગૂડ સ્ટેન્ડિંગના પ્રમાણપત્રની વિનંતી કરવાની જરૂર હોય, તો કૃપા કરીને તરત જ કરો કારણ કે તેને પ્રાપ્ત કરવામાં 2+ અઠવાડિયા જેટલો સમય લાગી શકે છે, નીચે ક્લિક કરો. અપલોડ કરેલી રસીદો એપ્લિકેશન પૂર્ણ કરવાની આવશ્યકતાઓને પૂર્ણ કરશે નહીં.

        https://www.mass.gov/info-details/dor-certificate-of-good-standing-andor-corporate-tax-lien-waiver-faqs#how-do-i-apply-for-a-certificate-of-good-standing?-

    મહેસૂલ વિભાગ પાસેથી ગૂડ સ્ટેન્ડિંગના પ્રમાણપત્રની વિનંતી કરવા પર વધારાની મદદ:

        https://www.youtube.com/watch?v=apSWETA8r4Q&list=PLfBnwDVE7DgGsk_WprAIk_BVQvxUgUtvk&index=5

- **ફોટો ID:** વ્યવસાયના માલિકની ફોટો ઓળખ (ID)ની નકલ.
    - સ્વીકૃત ID માં રાજ્ય દ્વારા જારી કરાયેલ ડ્રાઇવર લાઇસન્સ/ID કાર્ડ અથવા યુએસ પાસપોર્ટ બૂક/કાર્ડ શામેલ છે
    - ID માન્ય હોવું જોઈએ અને સમયસીમા સમાપ્ત થયેલ ન હોવી જોઈએ
    - ID વ્યવસાયના માલિક સાથે મેળ ખાવી જોઈએ જે આ એપ્લિકેશન પર સહી કરનાર વ્યવસાય માટે અધિકૃત સહીકર્તા છે
    - જો તે રાજ્ય દ્વારા જારી કરાયેલ ડ્રાઇવર લાઇસન્સ છે ,તો કૃપા કરીને ફક્ત ID ની આગળની નકલ સબમિટ કરો

- **જો લાગુ હોય, કોર્પોરેટ ઠરાવ:** જે વ્યવસાય વતી સહી કરવાનો અધિકાર કોને છે તે દર્શાવે છે.

- **જો લાગુ હોય, તો ચુકવણી યોજના(ઓ): ફેડરલ, રાજ્ય અને/અથવા સ્થાનિક વ્યવસાય અને/અથવા વ્યક્તિગત કરવેરા**

સંવેદનશીલ માહિતીની સુરક્ષા અત્યંત મહત્વપૂર્ણ હોવાથી, MGCCએ એપ્લિકેશન સબમિશન માટે તૃતીય-પક્ષ ઑનલાઇન પ્લેટફોર્મ, Submittable (સબમિટેબલ) સાથે કરાર કરવાનું પસંદ કર્યું છે. કૃપા કરીને એકત્રિત કરેલા દસ્તાવેજો અને માહિતી સાથે તેની સુરક્ષા અને પાલન માટેના પગલાં સંબંધિત સબમિટેબલનું નીચેનું નિવેદન જુઓ.

"સબમિટેબલ SaaSઉદ્યોગ ધોરણને પૂર્ણ કરે છે. તમામ ડેટા ટ્રાન્સમિશન વખતે અને બાકીના સમયે એન્ક્રિપ્ટ થયેલ છે. આ પ્લેટફોર્મ સંવેદનશીલ અને ખાનગી માહિતી સાથે અનેક સરકારી સંસ્થાઓ સાથે કામ કરતું હોવાથી, સબમિટેબલ ખાતે સુરક્ષા અને અનુપાલન સર્વોપરી છે.

- **સબમિટેબલ કયા અનુપાલન પ્રમાણપત્રો ઓફર કરે છે ?**સબમિટેબલ હેલ્થ ઇન્સ્યોરન્સ પોર્ટેબિલીટી એન્ડ એકાઉન્ટેબિલિટી એક્ટ (HIPAA) ની સુરક્ષા અને ગોપનીયતા આવશ્યકતાઓ, તેમજ SOC 2 ટાઈપ 2, FERPA અને PCI સહિતના ઘણા અન્ય લાગુ ફ્રેમવર્કનું પાલન જાળવે છે. અમે ઓછામાં ઓછા વાર્ષિક ધોરણે તૃતીય-પક્ષ વેબ ઍક્સેસિબિલિટી પરીક્ષણમાંથી પસાર થઈએ છીએ, અને અમારું સૌથી વર્તમાન VPAT વિનંતી પર ઉપલબ્ધ છે. અમે EU-US ગોપનીયતા શીલ્ડના સક્રિય સભ્ય પણ છીએ.
- **શું સબમિટેબલ X રાજ્ય અથવા દેશના ગોપનીયતા કાયદાઓનું પાલન કરે છે?** સબમિટેબલ યુનાઈટેડ સ્ટેટ્સની SaaS કંપની છે. અમે અમારા ઉપયોગની શરતો અને તૃતીય-પક્ષ પાલન અહેવાલોમાં વર્ણવેલ અને દસ્તાવેજીકૃત કરેલ ઘણા સુરક્ષા અને ગોપનીયતા નિયંત્રણો જાળવીએ છીએ. અમારા નિયંત્રણોના વિગતવાર અને તૃતીય-પક્ષ ઑડિટ કરેલા વર્ણન માટે, કૃપા કરીને અમારા નવીનતમ SOC 2 ટાઈપ 2 રિપોર્ટનો સંદર્ભ લો. આ પ્રમાણપત્રો અને નિયંત્રણો તમારા સ્થાનિક કાયદાઓ અને નિયમનો પર કેવી રીતે અનુરૂપ બને છે તેના પર ચોક્કસ માર્ગદર્શન માટે, કૃપા કરીને તમારા કાનૂની અધિવક્તાની સલાહ લો.
- **તમે ડેટા માલિકી કેવી રીતે નક્કી કરો છો ?**ઉપયોગમાં લેવાતા ,સ્થાનાંતરિત અથવા સંગ્રહિત કરાતા તમામ ડેટાની માલિકી તે ડેટાના નિર્માતા પાસે છે. વધુ માહિતી માટે, કૃપા કરીને અમારી સેવાની શરતોનોસંદર્ભ લો.
- **શું સબમિટેબલમાં ક્યારેય ડેટા ભંગ થયો છે?** ના. આ વિષય પર તૃતીય-પક્ષ પ્રમાણીકરણ માટે, કૃપા કરીને અમારી SOC 2 ટાઈપ 2 રિપોર્ટની નવીનતમ નકલનો સંદર્ભ લો.
- **શું ડેટા સ્થિર સમયે એન્ક્રિપ્ટ થયેલ હોય છે ?**બધા ડેટા ઉત્તરીય વર્જિનિયા પ્રદેશ (યુએસ-પૂર્વ-1) માં એમેઝોન વેબ સર્વિસીસ (AWS) ડેટા સેન્ટર પર સંગ્રહિત છે અને પ્રમાણભૂત AWS પદ્ધતિઓ વડે સ્થિર સમયે એન્ક્રિપ્ટ થયેલ છે. અમે AWSની રીલેશનલ ડેટાબેઝ સર્વિસ અને AWS S3 ની બિલ્ટ-ઈન એન્ક્રિપ્શનનો ઉપયોગ કરીએ છીએ, જે AES-256 નો ઉપયોગ કરે છે. અમારી પાસે AWS કી મેનેજમેન્ટ સર્વિસ દ્વારા સંચાલિત એક માસ્ટર કી છે. વધુ માહિતી માટે, કૃપા કરીને અહીં સંબંધિત AWS વપરાશકર્તા માર્ગદર્શિકાનો સંદર્ભ લો: https://docs.aws.amazon.com/AmazonRDS/latest/UserGuide/Overview.Encryption.html."

## એપ્લિકેશન સબમિશન કરવાની સૂચનાઓ

"જરૂરી દસ્તાવેજીકરણ" વિભાગમાં જણાવ્યા મુજબ જોડાણો સાથે તમારી અરજી ભરી અને ઈલેક્ટ્રોનિક રીતે સબમિટ કરવી આવશ્યક છે. હાર્ડ કોપી અથવા કોઈપણ અન્ય રીતે સબમિટ કરેલ ઈલેક્ટ્રોનિક નકલો, જેમ કે પત્ર દ્વારા અથવા ઈમેઈલ કરેલ, ને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. વધુમાં, ફક્ત સંપૂર્ણ, સચોટ અને સુવાચ્ય એપ્લિકેશનો ધ્યાનમાં લેવામાં આવશે.

કૃપા કરીને આ સલાહ ધ્યાને લેશો કે, એપ્લિકેશનને ધ્યાનમાં લેવામાં આવે તે માટે પ્રોગ્રામ દ્વારા જરૂરી સમયમર્યાદામાં તમામ જરૂરી દસ્તાવેજીકરણ સમાવિષ્ટ હોવા જોઈએ. કૃપા કરીને નીચે "જરૂરી દસ્તાવેજીકરણ" વિગતોની સંપૂર્ણ સૂચિ જુઓ. સામાન્ય ત્રુટિઓ કે જે તમારી એપ્લિકેશનને ધ્યાને લેવામાંથી બાકાત કરશે:

- મેસેચ્યુસેટ્સ સેક્રેટરી ઓફ સ્ટેટની ઓફિસ તરફથી સર્ટિફિકેટ ઓફ ગુડ સ્ટેન્ડિંગ
- પૂર્ણ 2019, 2020 અને 2021 ફેડરલ બિઝનેસ ટેક્સ રીટર્ન અથવા શેડ્યૂલ C
- પૂર્ણ 2019, 2020 અને 2021 ફેડરલ પર્સનલ ટેક્સ રિટર્ન્સ ,તમામ શેડ્યુલ સહિત, 20% અથવા તેથી વધુ માલિકીવાળા દરેક વ્યવસાયના માલિક માટે

## એવોર્ડ પ્રક્રિયા

MGCC દ્વારા MGCCના ઓનલાઈન એપ્લિકેશન પોર્ટલ, સબમિટેબલ દ્વારા અરજીઓ સ્વીકારવામાં આવશે, અને MGCC સ્ટાફ દ્વારા યોગ્યતા માપદંડ અને ઉપર વર્ણવેલ પ્રાથમિકતાઓના આધારે મૂલ્યાંકન કરવામાં આવશે. MGCC મંજૂર થયેલા લોકોને અનુદાન આપશે અને વિતરણ કરશે.

## ફેડરલ ફંડ્સ ,કાયદા અને નિયમનો સાથે પાલન

અરજદારોએ બધા લાગુ કાયદાઓનું પાલન કરવું આવશ્યક છે.

## ભાષા અનુવાદો

પ્રોગ્રામ ઝાંખી માહિતી MGCCની વેબસાઈટ [EmpoweringSmallBusiness.org](EmpoweringSmallBusiness.org) પર નીચેની 10 ભાષાઓમાં ઉપલબ્ધ હશે (એપ્લિકેશન અંગ્રેજીમાં રહે છે)

- અરબી
- ગુજરાતી
- હૈતીયન ક્રેઓલ
- ખ્મેર
- કોરિયન
- પોર્ટુગીઝ
- સરળ ચિની
- સ્પેનિશ

- પારંપરિક ચિની
- વિયેતનામીસ